# ગુજરાત યુનિવર્સિટી

યુવક કલ્યાણ વિભાગ (રૂમ નં:૧૩), નવરંગપુરા, અમદાવાદ -૯

સંપર્ક નં. : 079-26300834

યુ.ક નં./129/2018 તા: 23/02/2018

**વિષયઃ- વિભાગીય / આંતર વિભાગીય યુવક મહોત્સવ (2018-19) ના યજમાનપદ અંગે.**

આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે દર વર્ષે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ માટે વિભાગીય અને આંતર વિભાગીય યુવક મહોત્સવ યોજવામાં આવે છે. ૨૦૧૮-૧૯ વર્ષ માટેનો યુવક મહોત્સવ આગામી ઓગસ્ટ-સપ્ટેમ્બર (પ્રથમ સત્ર) માં જ યોજવામાં આવનાર છે. આથી આપના વિભાગની કોલેજોના વિદ્યાર્થીઓ માટેનો યુવક મહોત્સવ આપના અધ્યક્ષપદે યોજવાની જવાબદારી આપ સ્વીકારી શકશો કે કેમ? તથા વિભાગીય કક્ષાએ પ્રથમ ત્રણ આવનાર વિજેતા માટેનો આંતર વિભાગીય યુવક મહોત્સવ ઓક્ટોબર માસમાં દર વર્ષેની જેમ યોજવા અંગેના અધ્યક્ષપદની જવાબદારી સ્વીકારી શકશો કે કેમ? તે અંગેની આપની સંમતિ આ સાથેના ફોર્મમાં ભરીને મોકલી આપવા વિનંતી છે. જેથી તે અંગે વિચારણા હાથ ધરી શકાય.

વધુમાં આપને જણાવવાનું યુવક મહોત્સવના ખર્ચ માટે યુનિવર્સિટી તરફથી અમદાવાદ શહેર, એલિસબ્રિજ ઉત્તર, એલિસબ્રિજ દક્ષિણ વિભાગને પ્રત્યેકને રૂ. 3,75,000/- (ત્રણ લાખ પંચોતેર હજાર) તથા આંતર વિભાગીય યુવક મહોત્સવ માટે યુનિવર્સિટી તરફથી રૂ. 5,00,000/- (પાંચ લાખ) આર્થિક સહાય આપવાની જોગવાઈ છે, તે તરફ આપનું ધ્યાન દોરું છું. જ્યારે આ ઉપરાંતનો બાકીનો ખર્ચ સ્થાનિક સ્ત્રોતોમાંથી અગાઉના વર્ષોની પરંપરા મુજબ સંસ્થાઓએ ઉભો કરવાનો હોય છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(ડો. વી. કે. ચાવડા)
મ. નિયામક યુવક કલ્યાણ

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

# ગુજરાત યુનિવર્સિટી

### વિભાગીય / આંતર વિભાગીય યુવક મહોત્સવ (2018-19) ના યજમાનપદ અંગે

કોલેજ નું નામ: ____________________________________________

વિભાગ: ____________________________________________

ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે દર વર્ષે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ માટે વિભાગીય અને આંતર વિભાગીય યુવક મહોત્સવ યોજવામાં આવે છે. ૨૦૧૮-૧૯ વર્ષ માટેના યુવક મહોત્સવો પૈકી ........................................................................................................ વિભાગની કોલેજોના વિદ્યાર્થીઓ માટેનો યુવક મહોત્સવ મારી કોલેજના અધ્યક્ષપદે યોજવા સંમતિ આપું છું.

આભાર સહ,

આચાર્યશ્રીની સહી

કોલેજનો સિક્કો